# ઘ-૨ વિસ્તારમાં બે દુકાનના તાળા તુટ્યા

## શ્રીજી ગાંઠીયા રથ અને જલારામ સ્ટોરમાં ચોરી, તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં તસ્કરો બેખૌફ બન્યા છે. તસ્કરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. છેવાડાના બંધ મકાનને ટાર્ગેટ કરતા તસ્કરો હવે ભરચક વિસ્તારમાં ચોરી કરતા પણ ખચકાટ અનુભવતા નથી. ત્યારે શહેરના ભરચક ઘ-૨ વિસ્તારમાં ગત રાત્રીના સુમારે એક નહી પરંતુ બે દુકાનના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવતા દુકાનદારોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જલારામ સ્ટોરના ગલ્લામાં પડી રહેલા




રૂપીયા ઉઠાવી ગયા છે. જયારે શ્રીજી ગાંઠીયા રથમાંથી ખાસ કઈ ચોરી થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. દુકાનમાં ચોરી કરતા ઈસમ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. પરંતુ એક સાથે બે દુકાનના તાળા તુટતા પોલીસે પણ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરી, ઘરફોડ, લુંટ, ચોરી સહિતના ગુનાઓ વધી રહ્યા છે. શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના બનાવો બનાવ પામે છે. પોલીસના નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો પોતાના ટાર્ગેટ પુરા કરતા હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરો પહેલા છેવાડાના કે બંધ મકાનની રેકી કરીને ચોરીને અંજામ આપતા હતા. ત્યારે હવે પોલીસનો ભય ના હોય તેમ ભરચક વિસ્તારમાં પણ બિન્દાસ્ત રીતે ચોરી કરતા નજરે પડે છે. શહેરના ઘ-૨ વિસ્તારમાં આવેલી શ્રીજી ગાંઠીયા રથ નામની દુકાનના દરવાજાનો નકુચો તોડી ચોર ઈસમ અંદર પ્રવેશ સામાન અસ્તવ્યસત કરી નાંખ્યો હતો. પરંતુ દુકાનમાંથી ખાસ કંઈ ચોરી કરી ન હોવાનું જાણવા મળ્યું છે. જયારે ગાંઠીયા રથની સામે આવેલ જલારામ સ્ટોરમાં પણ ચોર ઈસમે તાળુ તોડી અંદર પ્રવેશી ગલ્લા રહેલ અંદાજીત ત્રણથી ચાર હજાર રૂપીયાની ચોરી કરી હોવાની વિગતો મળી રહી છે. દુકાનમાં રહેલા સીસીટીવી કેમેરામાં ચોર ઈસમ કેદ થઈ ગયો છે. ત્યારે એક સાથે બે દુકાનના તાળા તુટતા નાગરીકો અને વેપારીઓમાં ભયની લાગણી ફેલાઈ છે. જયારે બનાવ અંગે પોલીસને જાણ થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે.

---

હરિની દષ્ટિ... - હરિન ભટ્ટ



આપણાં આ મહાન નેતા ગુજરી ન ગયા હોત તો આપણે અત્યારે સ્વચ્છતા અભિયાન કરવું ન પડત...!

---

## ચંદ્રાલા સેવા સહકારી મંડળીમાંથી ઉચાપત કરવાના કેસમાં આરોપીને બે વર્ષની કેદ

ગાંધીનગર તા ૩

ચંદ્રાલા ગામની સહકારી મંડળીમાં જંતુનાશક દવાઓની ખરીદીના સ્વહસ્તાક્ષરે બિલ બનાવી રૂ ૧૧.૨૪ લાખની ઉચાપત કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સખ્ત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના આરોપી પ્રહલાદ મંગળદાસ પટેલ તેમજ નટવરભાઈ જેઠાભાઈ પટેલ ચંદ્રાલા ગામની સહકારી મંડળી માં કલાર્ક તેમજ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. તા ૧ જુલાઈ વર્ષ ૧૯૯૮ થી ૩૦ માર્ચ વર્ષ ૧૯૯૯ દરમિયાન સહયોગ એગ્રો એજન્સી પ્રાંતિજ , ઉમિયા ફર્ટીલાઈઝર ચંદ્રાલાના જંતુનાશક દવાઓના કોરા બીલો મેળવી મંડળીના નામે ખરીદ કર્યા હોવાના જાતે બીલ બનાવ્યા હતા. જયારે આરોપી નટવરભાઈ જેઠાભાઈ પટેલ ના કહેવાથી આરોપી પ્રહલાદભાઈ મંગળદાસ પટેલએ પોતાના સ્વહસ્તાક્ષરમાં જાતે બીલ બનાવી મંડળીમાં માલ લાવ્યા વગર ખોટા બીલના ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. જયારે મંડળીના સ્ટોકપત્રકમાં પણ રોજમેળનો ઉપયોગ કરીને માલ પણ ચઢાવી દીધો હતો. મંડળી સાથે વિશ્વાસઘાત કરીને રૂ ૧૧.૨૪ લાખની ઉચાપત કરી હતી. આ ગુન્હા સંદર્ભે આરોપીઓ વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૭,૪૦૮,૪૦૬ તથા ૧૧૪ મુજબના ગુનાની ફરિયાદ દહેગામ પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. જયારે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાઓ ધ્યાને આવતા તેમની સામે ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરાયુ હતુ. આ કેસ ગાંધીનગરની ૧૦ માં અધિક ચીફ જયુડીશિયલ મેજી કોર્ટમાં ચાલી જતા જજ મહંમદઅસલમ એ શેખે આરોપી પ્રહલાદભાઈ મંગળદાસ પટેલને બે વર્ષની સખ્ત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

## ઉત્તર કાશીમાં પૂ. મોરારીબાપુની રામકથામાં યોજાયેલી સર્જકયાત્રામાં ગાંધીનગરના સર્જકોની ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર હવે ગુજરાતમાં સાહિત્ય સર્જનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પૂ. મોરારી બાપુ દ્વારા આયોજિત ઉત્તરકાશી ખાતેની રામકથામાં સર્જકયાત્રામાં રાજયના ૨૫૦થી વધુ સાહિત્યકારો જોડાયા છે. જેમાં ગાંધીનગરના જાણીતા સાહિત્યકારો દલપત પઢિયાર, વી.એસ. ગઢવી, ભાગ્યેશ જહા, ડૉ. કેશુભાઈ દેસાઈ, હર્ષદ ત્રિવેદી, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, કિશોર જીકાદરા, પ્રજ્ઞાબેન પટેલ, ભરત કવિ વગેરેનો સમાવેશ થાય છે. આ સાહિત્યકારો પૂ. મોરારીબાપુ સાથે "સર્જક સાથે ગોષ્ઠિ" કાર્યક્રમમાં ભાગ લઈ વિવિધ વિષયે પોતાના વિચારો તથા સર્જનનું આદાન-પ્રદાન કરી રહ્યાં છે.

## ચ-૫ પાસે ટ્રાફિક સિગ્નલ પર ઉભી રહેલી કારને ટક્કર મારી કાર ચાલક ફરાર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના ચ-૫ પાસે ટ્રાફિક સિગ્નલ પર ગતરોજ મોડીસાંજના સુમારે ઉભી રહેલી કારને પાછળથી અન્ય કારના ચાલકે ટક્કર મારી અકસ્માત કરતા કારને નુકશાન થયું હતું. જયારે અકસ્માત સર્જનાર કાર ચાલક ઉશ્કેરાઈને ખરાબ વર્તન કરીને ભાગી ગયો હતો. જેથી મહિલા કાર ચાલકે સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ચેક કરીને તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડો. તરૂલતા કાન્તીલાલ માણેક (ઉં.વ.૬૦ રહે.૧૦૨, મર્લીનવિલા ચીફ જસ્ટીસ બંગ્લોઝની બાજુમાં બોડકદેવ) અમદાવાદ ખાતે રહે છે અને કન્સ્ટલીંગ એજયુકેશનનો વ્યવસાય કરે છે.ડો.તરૂલતા પાસે પોતાની પુત્રવધુની માલિકીની વોકસ વેગન કાર નં.જી.જે. ૦૧.આર. વાય.-૦૪૩૨ છે જેનો ઉપયોગ તેઓ આવનજાવન માટે કરે છે. ત્યારે ગતરોજ તેઓ કાર લઈને ગાંધીનગર સરગાસણ દેવનંદન સમિટ ખાતે રહેતા બહેનના ઘરે આવ્યા હતા. ત્યારબાદ સાંજના સુમારે સે-૨૨ ખાતે પંચદેવ મંદિરે દર્શન કરવા માટે ગયા હતા.ત્યાંથી પરત ફરી રહ્યા હતા તે સમયે ચ-૫ સર્કલ પર ટ્રાફિક સિગ્નલ બંધ હોવાથી ગાડી ઉભી રાખી હતી. તે સમયે અચાનક પાછળથી આવી રહેલી કારના ચાલકે વોકસ વેગન કારને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો જેમાં કારને નુકસાન થયું હતું. જયારે ડો.તરૂલતાબેને કાર ચાલકને કાર જોઈને ચલાવવાનું કહેતા જ કાર ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને બેફામ બોલવા લાગ્યો હતો. કાર લઈને જતો રહેવાની કોશિશ કરી રહ્યો હતો તે સમયે તેને રોકવા જતા ધક્કો મારી પાડીને તે કાર લઈને ભાગી ગયો હતો. જો કે આ બનાવમાં કોઈને ઈજા થઈ ન હતી. ડો.તરૂલતા બેનની ફરીયાદને પગલે સે-૨૧ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જિલ્લાના ૩ લાખ ૨૭ હજાર બાળકોની શાળા-આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તપાસ કરાશે

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આગામી ૨૫મીથી જિલ્લામાં શરૂ થશે. સરકારે શાળા-આરોગ્ય ચકાસણીમાં આ વખતે ટી.બી. અને રક્તપિત્ત જેવા રોગોને પણ આરોગ્ય ચકાસણીમાં આવરી લેવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

જિલ્લામાં ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લઈ અને તેમના આરોગ્યની ચકાસણી કરાશે. આ કાર્યક્રમ દરમ્યાન ગંભીર બિમારી ધરાવતા બાળકોને સરકાર દ્વારા વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે. આ કાર્યક્રમ ૨૫ નવેમ્બરથી શરૂ કરીને ૩૦મી જાન્યુઆરી સુધી ચાલશે. સામાન્યતઃ આ કાર્યક્રમ ૧૪મી નવેમ્બરથી રાજ્યભરમાં શરૂ થતો હતો પણ છેલ્લા પાંચ વર્ષથી આ કાર્યક્રમ નવેમ્બરના ત્રીજા કે ચોથા સપ્તાહથી શરૂ થઈ રહ્યો છે. જિલ્લામાં આ અંગેનું તમામ આયોજન થઈ ગયુ છે. જિલ્લાના ૩,૨૭,૩૫૮ બાળકોને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવશે. જિલ્લાની ૨૨૫૦ કરતાં વધુ શૈક્ષણિક સંસ્થાઓને આવરી લેવામાં આવનાર છે. આ માટે તંત્રએ ૨૦૪ જેટલી મેડીકલ ટીમ બનાવી છે.

જિલ્લામાં ગયા વર્ષે બાળકોમાં વિવિધ રોગોનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ. જેમાં ૧૩ હજારથી વધુ બાળકો કુપોષિત જણાઈ આવ્યા હતા. ૭૯ બાળકોને હૃદયની બિમારી, ૪૭ બાળકોને કિડનીની બિમારી, ૧૨ બાળકોને થેલેસિમિયાની ગંભીર બિમારી તો ૩ ને કેન્સર જોવા મળ્યુ હતુ. ૧૧ બાળકોને ક્લબફૂટ અપાયા હતા તો ૬ બાળકો પર સફળ કોકલીયર ઈમ્પાલન્ટની સર્જરી કરાઈ હતી. ૨૧ બાળકોને ક્લેપલીપની સારવાર આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ૪૭૦૦થી વધુ બાળકોને દાંતની, ૨૩૦૦થી વધુ બાળકોને આંખની, ૧૯૦૦થી વધુ બાળકોને નાક, કાન-ગળાની તકલીફ જણાઈ હતી તો ૨ હજારથી વધુ બાળકોને ચામડીની બિમારી જણાઈ હતી. આ કાર્યક્રમમાં સૌથી ચિંતાજનક તારણ એ બહાર આવ્યુ હતુ કે ૨૨ બાળકો અભ્યાસને લઈ માનસિક તનાવ અનુભવતા અને ૧૬ જેટલા બાળકો શારિરીક સ્થૂળતા ધરાવતા જણાઈ આવ્યા હતા. થેલેસિમિયા તેમજ હૃદયની અને કિડનીની બિમારી ધરાવતા બાળકોની સંખ્યા વધતી જોવા મળી છે. ૮૮૩ બાળકોને સ્વસનતંત્રના રોગોની બિમારી જણાઈ હતી.

## જિલ્લાના ૪૭૦ ખેડૂતોની વીમા કંપની સમક્ષ વળતરના દાવા માટે અરજી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ૪૭૦ ખેડૂતોએ પાક-વીમા માટેના દાવાઓ આજે વીમા-કંપનીઓ સમક્ષ રજુ કરી દીધા છે.

ગુજરાતમાં ૨૮-૨૯ ઓક્ટો. દરમ્યાન થયેલ કમોસમી વરસાદને પગલે ખેતીમાં થયેલા નુકશાન અંગે વીમા કંપનીઓ પાસેથી વળતર મેળવવા માટેની અરજી કરવાનો અંતિમ દિવસ હતો.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ૧૧ ખેડૂતોએ રૂબરૂ મળી આ અંગેની અરજીઓ આપી હતી. જ્યારે ૪૫૮ ખેડૂતોએ ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી મારફત આ અરજીઓ વીમા કંપનીને મોકલી આપવા રજુઆત કરી છે. તો એક અરજી જિલ્લાકક્ષાએ પ્રાપ્ત થઈ હતી. જિલ્લામાં મગફળી અને ડાંગરના પાકને થયેલ નુકશાનને લઈ આ અરજીઓ રજુ થઈ છે જે પણ નોંધનીય છે. દહેગામ તાલુકામાંથી ૨૦૨ ખેડૂતોએ, ગાંધીનગરમાંથી ૧૧૩ અને કલોલ તાલુકામાંથી ૧૫૦ જેટલા ખેડૂતોએ વીમા કંપનીને વળતર આપવા માટેની રજુઆતો કરી છે. જિલ્લામાં આ વખતે પાછોતરો વરસાદ ખેડૂતોને ફાયદો પણ કરાવી ગયો છે તો નુકશાન પણ કર્યુ છે. કપાસ જેવા પાકને ઉત્પાદનની ગુણવત્તામાં નુકશાન થવા પામ્યુ છે.

# ગુજરાતને નવેમ્બરના અંતે નવા ચીફ સેક્રેટરી મળશે, સર્વોચ્ચ સ્થાન માટે પાંચ IAS દાવેદાર

ગુજરાતના મુખ્યસચિવ જેએન સિંહના એક્સટેન્શનનો કાર્યકાળ નવેમ્બરના અંતે પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે રાજ્યના નવા મુખ્યસચિવ કોણ બનશે તેની ચર્ચાએ સ્વર્ણિમ સંકુલ અને



સચિવાલયમાં ઉત્તેજના ફેલાવી છે. જેએન સિંહ ૨૦૧૯ના મે

**ઓનલાઇન શોપિંગ પહેલાં ફોન વાયરસ પ્રેરિત છે કે કેમ તેની પહેલાં ચકાસણી કરવી જોઇએ**

મહિનામાં વયનિવૃત્ત થયા છે પરંતુ તેમને કેન્દ્ર સરકારે છ મહિનાનું એક્સટેન્શન આપેલું હતું તેથી તેમણે જૂન થી નવેમ્બર સુધીનો કાર્યકાળ સંભાળ્યો છે. રાજ્યની વહીવટી કામગીરીમાં ૬૦ ટકાનો વિક્રમી ફાળો મુખ્યસચિવનો રહ્યો છે, કેમ કે તેઓ ઈઝી અવેલેબલ છે અને બધાંની સાથે સાનુકૂળ સબંધો રાખીને કામગીરી કરી રહ્યાં છે. મુખ્યસચિવ પદના નામોમાં સૌથી ટોચક્રમે ૧૯૮૪ બેચના અને હાલના નાણા વિભાગના અધિક મુખ્યસચિવ અરવિંદ અગ્રવાલ આવે છે. તેઓ એપ્રિલ ૨૦૨૦માં વયનિવૃત્ત થવાના છે. તેમના પછી કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ પર ગયેલા અનિલ મુકીમનું નામ આવે છે અને તેઓ ઓગષ્ટ ૨૦૨૦માં નિવૃત્ત થાય છે, જો કે તેઓ ગુજરાત પાછા આવે તેવી કોઈ શક્યતા જણાતી નથી. રાજ્યના ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ અને ૧૯૮૫ બેચના સંગીતાસિંઘનું નામ પણ આ સર્વોચ્ચ પદે ચર્ચાઇ રહ્યું છે. તેઓ ઓક્ટોબર ૨૦૨૦માં નિવૃત્ત થઇ રહ્યાં છે. આ પદ માટે ૧૯૮૬ બેચના પંકજકુમાર અને ડો રાજીવકુમાર ગુપ્તાના નામ પણ સચિવાલયમાં ચર્ચાય છે. સિનિયર ઓફિસર તરીકે હાલ તો અરવિંદ અગ્રવાલનું નામ ટોચ પર છે છતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી આ પદ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પરામર્શમાં રહીને નવેમ્બરના અંત સુધીમાં નિર્ણય કરે તેવી શક્યતા રહેલી છે. એક ચર્ચા એવી પણ છે કે ખાસ કિસ્સામાં જેએન સિંહ ને વધુ એક એક્સટેન્શન આપવામાં આવે, જો કે રાજ્યના સિનિયર અધિકારીઓ તે વાત સાથે સહમત થતાં નથી.

● **રાજ્યના વધુ બે ઓફિસરો ડેપ્યુટેશન પર જશે...**

ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓમાં ડેપ્યુટેશન પર દિલ્હી જવા માટેની અરજીઓ આવતી હોય છે તેમાં વધુ બે ઓફિસરોને ડેપ્યુટેશન પર દિલ્હી મોકલવામાં આવે તેવી સંભાવના છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું છે કે રાજ્યના કૃષિ તેમજ કિસાન કલ્યાણ વિભાગના સચિવ મનીશ ભારદ્વાજ અને તેમના પત્ની કે જેઓ ગુજરાત રાજ્ય એસટી કોર્પોરેશનના ઉપાધ્યક્ષ અને એમડી છે તેમની કેન્દ્રીય પ્રતિનિયુક્તિ થવાની છે. આ નામોની સાથે બીજા છ ઓફિસરોએ પણ ડેપ્યુટેશન માગેલું છે પરંતુ કોને ક્યારે મોકલવા તેનો નિર્ણય હજી સુધી થયો નથી. મનીશ ભારદ્વાજના કેસમાં કેન્દ્ર સરકારની મંજૂરી મળી ચૂકી છે જ્યારે તેમના પત્ની સોનલ મિશ્રાને પણ કેન્દ્રની મંજૂરી મળે તેવી સંભાવના છે. અત્યારની સ્થિતિ પ્રમાણે ડેપ્યુટેશન પર ગુજરાત બહાર ગયેલા આઈએએસ અધિકારીઓની સંખ્યા બે ડઝન થઈ ચૂકી છે. સામાન્ય વહીવટ વિભાગના અધિકારીના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં આઈએએસ ઓફિસરોની નિયુક્તિની સ્ટ્રેન્થ ૩૧૩ છે જે પૈકી હાલ ૬૫ જેટલા ઓફિસરોની ઘટ છે તેમ છતાં ડેપ્યુટેશન પર મોકલવાનો નિયમ હોવાથી ગુજરાતના ઓફિસરોને રાજ્ય બહાર ફરજ બજાવવા મોકલવામાં આવતા હોય છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

● **મહેસૂલનો ભ્રષ્ટાચાર અટકાવવા પગલાં...**

રાજ્યનો મહેસૂલ વિભાગ ભ્રષ્ટાચારની ફરિયાદોમાં અગ્રસ્થાને હોવાના અહેવાલ પછી મુખ્યમંત્રી વિજય રૂપાણીની સૂચના પ્રમાણે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે તેમના વિભાગમાં તેમજ જિલ્લા સ્તરે થતાં ભ્રષ્ટાચારને નિયંત્રણમાં લેવા માટેના પગલાં શરૂ કર્યા છે. જિલ્લાકક્ષાએથી મંજૂરી અર્થે આવતી મહેસૂલ વિભાગની ફાઈલોની તપાસ શરૂ કરવાની મહત્વકાંક્ષી યોજના તેઓ શરૂ કરી રહ્યાં હોવાનું સચિવાલયના સૂત્રો કહી રહ્યાં છે. એક તરફ મહેસૂલ વિભાગને પારદર્શી બનાવવા માટે રાજ્ય સરકારે એનએ સહિત વિભાગની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરી દીધી છે ત્યારે બીજીબાજુ પંકજકુમારે જિલ્લાસ્તરની ફાઈલોમાં તપાસ શરૂ કરી છે. વિભાગને જિલ્લાકક્ષાએ ભ્રષ્ટાચાર થયાની ફરિયાદ મળતાં જ તેની તપાસ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વિભાગના વચેટીયા તત્વોને પણ દૂર કરવાની સૂચના જિલ્લા કલેક્ટરોને આપવામાં આવી છે. પંકજકુમારની આ ફોર્મ્યુલા જો અસરકારક રહી તો ભ્રષ્ટાચાર નિર્મૂલન માટેનું સૌથી મોટું કામ થઈ શકશે. ઉલ્લેખનીય છે કે પંકજકુમારે રાજ્યના ૩૩ જિલ્લા કલેક્ટરો સહિતના ટોચના અધિકારીઓના ટ્વિટર એકાઉન્ટ ખોલાવી લોકોની ફરિયાદોનો સીધો નિકાલ કરવાની સૂચના આપ્યા પછી મહેસૂલ વિભાગના પ્રજાકીય કામોમાં ઝડપ આવી છે. કોઈપણ જિલ્લા કલેક્ટરના ટ્વિટર એકાઉન્ટ પર આવેલો ફરિયાદનો મેસેજ પળવારમાં ઉકલી જાય છે.

● **ખેડૂતો વાવાઝોડાં સામે ટક્કર લઇ રહ્યાં છે...**

ગુજરાત એક જ સિઝનમાં ચાર જેટલા મોટા વાવાઝોડાંનો ભાર ખમી રહ્યું છે. શરૂઆતમાં વિલંબથી શરૂ થયેલા ચોમાસા પહેલાં વાયુ નામના વાવાઝોડાંએ રાજ્યમાં કમોસમી વરસાદ શરૂ કર્યો હતો જેના કારણે ચોમાસાનું આગમન પાછળ ઠેલાયું હતું. આ વાવાઝોડું દરિયામાં સમાઈ જાય તે પહેલાં ચોમાસાના મધ્યભાગમાં હીકા નામનું વાવાઝોડું આવ્યું હતું. ચોમાસાની વિદાય થાય તે પહેલાં રાજ્યમાં ક્યાર નામનું વાવાઝોડું આવ્યું હતું જે હજી પણ ઓમાનના દરિયા કિનારે વિખરાવાની સ્થિતિ છે. દરમ્યાન ગુજરાતમાં વધુ એક મહા નામનું વાવાઝોડું ત્રાટકવાની તૈયારી કરી રહ્યું છે જો કે તેનું લેન્ડફોલ ગુજરાતમાં થશે કે સરહદ બહાર તે ૪થી નવેમ્બરે ખ્યાલ આવશે. મૂળભૂત ચોમાસુ અને ચાર વાવાઝોડાના માર સામે ગુજરાતના ખેડૂતો તેમના પાકને બચાવવાના પ્રયાસ કરી રહ્યાં છે. રાજ્યના કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ પીકે પરમારે કહ્યું હતું કે ભારે અને કમોસમી વરસાદના કારણે ખરીફ સિઝનને કેટલું નુકશાન થયું છે તેનો સર્વે ચાલી રહ્યો છે. રાજ્ય સરકારે ૧૮ જિલ્લાના ૪૪ તાલુકાઓ કે જ્યાં એક ઈંચથી વધારે વરસાદથી ખેડૂતોના પાકને નુકશાન કર્યું છે તેનું સર્વેક્ષણ ચાલી રહ્યું છે. આ સર્વેક્ષણ ખેડૂતોને વળતર સહાય આપવા માટે થઈ રહ્યું છે. જો કે કિસાન આગેવાનોના મતે ખરીફ સિઝનની વાવણી પછી આવેલા વાવાઝોડાં અને ભારે વરસાદને કારણે રાજ્યના કૃષિ ઉત્પાદનમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો થવાની સંભાવના છે.

**મોબાઇલ ફોનમાં પાસવર્ડ ક્યારેય રાખવો નહી અને વારંવાર પાસવર્ડ બદલતા રહેવું જોઇએ**

● **૭૯ ટકા પ્લાસ્ટીક જમીન, સમુદ્રમાં ફેલાયેલું છે...**

ભારતમાં દૈનિક જીવનમાં પ્લાસ્ટીકનું એવું આક્રમણ થયું છે કે તે દૂર કરવા માટે નવો જનમ લેવો પડે તેમ છે. કેન્દ્ર કે રાજ્ય સરકારની સાથે કંપનીઓ અને લોકોની રહેણીકરણીને બદલવી પડે તેમ છે જે ૧૩૦ કરોડની આબાદીવાળા ભારતમાં શક્ય નથી. ૧૯૫૦માં વિશ્વમાં પ્લાસ્ટીકનું ઉત્પાદન માત્ર ૧.૫ મિલિયન ટન હતું જે ૨૦૧૮માં વધીને ૩૫૦ મિલિયન ટન થઈ ચૂક્યું છે. પ્લાસ્ટીકનો વપરાશ પ્રતિવર્ષ ૮.૬ ટકાના દરે વધી રહ્યો છે. પ્લાસ્ટીકનો સૌથી વધુ કચરો નદી અને સમુદ્રમાં ઠલવાય છે. એવું કહેવાય છે કે આપણે એક એવા પ્લાસ્ટીકમય ભવિષ્યની તરફ આગળ વધી રહ્યાં છીએ કે જ્યાં ધરતી પર વિખરાયેલા પ્લાસ્ટીકના ઢગલામાં આપણે દફન થઈ જઈશું.



વર્લ્ડબેન્કના રિપોર્ટના આધારે પ્રતિવર્ષ ૮ મિલિયન ટન પ્લાસ્ટીકનો કચરો જમીનમાંથી સમુદ્રમાં જઇ રહ્યો છે, જેમાં સૌથી વધુ માઈક્રો પ્લાસ્ટીક છે. આંકડા કહે છે કે આપણે જે પ્લાસ્ટીક વાપરીએ છીએ તેમાં ૫૦ ટકા પ્લાસ્ટીકનો માત્ર એક જ વાર ઉપયોગ થાય છે અને તે સૌથી વધુ ખતરનાક છે. પ્રત્યેક મિનિટે વિશ્વમાં ૧૦ લાખ પ્લાસ્ટીકની બોટલોની ખરીદી થાય છે. ભારતની સમુદ્રરેખા ૭૫૦૦ કિલોમીટર જેટલી છે અને દેશની વસતીનો એક મોટો હિસ્સો સમુદ્રી ઈલાકામાં રહે છે. સાયન્સ એડવાન્સિસ રિપોર્ટ પ્રમાણે માત્ર ૯ ટકા પ્લાસ્ટીક રિસાયકલ થાય છે, ૧૨ ટકા પ્લાસ્ટીકને સળગાવી દેવામાં આવે છે જે હવાને ઝેરીલી બનાવે છે જ્યારે ૭૯ ટકા પ્લાસ્ટીક જમીન, પાણીના સ્ત્રોત અને સમુદ્રમાં ફેલાયેલું છે. આશ્ચર્યની બાબત એવી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્લાસ્ટીક ફ્રી ઈન્ડિયાનું ગુજરાતમાં જ પાલન થઈ શકતું નથી.

● **ગુજરાતમાં હોર્ટિકલ્ચરની સ્થિતિમાં સુધારો...**

ગુજરાતમાં હોર્ટિકલ્ચરનો વાવેતર વિસ્તાર ૧૫,૮૪,૦૦૦ હેક્ટર થયો છે અને તેનું ઉત્પાદન વધીને ૨,૨૭,૮૫,૦૦૦ મેટ્રીક ટન થયું છે. રાજ્યમાં ૧૯૯૫માં હોર્ટિકલ્ચરનો વાવેતર વિસ્તાર માત્ર ૪,૮૦,૦૦૦ હેક્ટર હતો અને ઉત્પાદન માત્ર ૪૩,૦૬,૦૦૦ મેટ્રીક ટન હતું. આંકડા દર્શાવે છે કે હોર્ટિકલ્ચરમાં ગુજરાતની ખેતી સમૃદ્ધ થતી જાય છે. હોર્ટિકલ્ચર મુખ્યત્વે ચાર ભાગમાં વહેંચાયેલું હોય છે. પહેલા ભાગમાં ફળના પાકો આવે છે, જેમાં ગુજરાતનું ઉત્પાદન છેલ્લા ૨૪ વર્ષમાં ૨૩,૪૬,૦૦૦ મેટ્રીક ટન થી વધીને ૯૨,૨૬,૦૦૦ મેટ્રીક ટન થયું છે. એવી જ રીતે શાકભાજીનું ઉત્પાદન આ અરસામાં ૧૭,૨૬,૦૦૦ મેટ્રીક ટનથી વધીને ૧,૨૫,૪૦,૦૦૦ મેટ્રીક ટન થયું છે. મસાલા પાકોમાં ઉત્પાદન ૨,૫૫,૦૦૦ મેટ્રીક ટન થી વધીને ૮,૨૪,૦૦૦ થયું છે. ગુજરાતમાં ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે ૨૦૦૨ સુધી ફુલોનું ઉત્પાદન શૂન્ય હતું. રાજ્યમાં વાવેતર વિસ્તાર પણ નહિવત હતો. ૨૦૦૩માં ફુલોનો વાવેતર વિસ્તાર ૫,૦૦૦ હેક્ટર થયો હતો અને ઉત્પાદન ૨૯,૦૪૦ મેટ્રીક ટન થયું હતું. આજે સ્થિતિ બદલાઈ છે. ફુલોનો વાવેતર વિસ્તાર ૨૦,૦૦૦ હેક્ટર થયો છે અને ઉત્પાદન વધીને ૧,૯૬,૦૦૦ મેટ્રીક ટન થયું છે. રાજ્યમાં બે દસકામાં હોર્ટિકલચરની સ્થિતિમાં મોટો સુધારો થયો છે.

**નોકરી કે લોન આપવા માટે ક્યારેય કોઇ અધિકૃત સોર્સ રૂપિયા માગતો નથી તેનો ખ્યાલ રાખો**